सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ ૩૨ ઓગસ્ટ - ૨૦૧૨ અંક-૧

**વાલીઓને....**

## અલવિદા "શારદ" (બુલેટિન)
## "શારદ" (સામયિક)નું સ્વાગત

ત્રણ દાયકા કરતા વધુ સમયથી "શારદ" સંસ્થાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને પરિચિતો પૂરતું બુલેટિન તરીકે કામ કરતું રહ્યું છે અને અનેક સકારાત્મક પ્રતિભાવો "શારદ"ને મળતા રહ્યાં છે.એક મધુર સેતુ, સંસ્થા અને વાલીઓ વચ્ચે તે બની રહ્યું હતું તેના આ પ્રકારના સ્વરૂપનો કદાચ આ છેલ્લો અંક છે, અને તેથી 'અલવિદા-શારદ' તેમ કહુ છું.

આમ છતાં આ અંગે કોઈ દુ:ખની લાગણી નથી કારણકે હવે "શારદ"નું રૂપાંતર કરવાનું આયોજન વિચારી રહયા છીએ. જ્યારે "શારદ" છાપવા માટે સીસાના બીબાનો ઉપયોગ કરીને છાપવાનું થતું એ વિકટ પરિસ્થિતિમાં પણ "શારદ"નું પ્રકાશન ચાલુ રાખી શકાયું. આજે છપાઈ કામની ઉપલબ્ધિ અત્યંત સરળ બની છે. બ્લોકને બદલે સ્કેનીંગ જેવી સુવિધા ઉભી થઈ છે. કમ્પ્યૂટર આ અંગે અત્યંત મદદરૂપ થઈ રહ્યું છે અને આથી "શારદ"ને સામયિકનું ત્રિમાસિક જેવું સ્વરૂપ આપવાનું વિચારાયું છે.

આ પ્રકારના સામયિક માટે જરૂરી મંજૂરી રજીસ્ટ્રાર ઓફ ન્યુઝપેપર્સ માટે જરૂરી હોઈ તે અંગેની વિધિમાંથી પસાર થઈ રહ્યા છીએ તે અંગે કલેકટરની ઓફીસમાંથી ફોર્મ લાવી તે અંગેની જરૂરી પોલીસ પ્રક્રિયાની કઠણ કામગીરીમાં પણ ઠીકઠીક સમય ગયો હોવા છતાં મુક્ત થયા છીએ અને હવે બધું કામ રજીસ્ટ્રાર ઓફ ન્યુઝપેપર્સ (માહિતી ખાતુ, કેન્દ્ર સરકાર) પાસેથી લેવાનું બાકી રહે છે. અપેક્ષા છે કે તે વહેલી તકે મળી શકશે અને કદાચ હવે પછીનું "શારદ" સામયિક તરીકે આપના હાથમાં આવે. આ માટે અમારે માટે વાલીઓનો સહકાર અપેક્ષિત છે જે મળી રહેશે તેવો વિશ્વાસ છે. વિદ્યાર્થીઓને વાંચન અંગેનું માર્ગદર્શન,બૌદ્ધિક કોયડાઓ તેમજ અન્ય માહિતી આપવા માટેની મોકળાશ તેમાં રહેશે તેવું અનુમાન છે. આ પંથ શાંતાનુકુલ શિવશ્ચ બની રહે તેવી પ્રાર્થના.

**દિનુભાઈ દવે**

વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢયું છે. પરીક્ષા આવી એટલે વિદ્યા પાછળ ગઈ,પરીક્ષા આગળ થઈ, વિદ્યા એ સંસાર ઉપર કાબૂ મેળવવા માટે હતી. પરીક્ષા આવી એટલે સંસારે વિદ્યા ઉપર કાબૂ મેળવ્યો. પરીક્ષા પેઠી એની સાથે વિદ્યામાં સંસાર પેઠો, એટલે કે સંસારના મૂલ્યો વિદ્યામાં પ્રવેશ્યાં. પરીક્ષા પદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક શિથિલ થઈ ગયો છે. વિદ્યાની સાધના એ પરીક્ષાની સાધના બની ગઈ છે. પરીક્ષામાં ફળ મળી જાય તો પરીક્ષાની બીજી સવારે એ વિદ્યાનો છાંટો પણ મગજમાં રહ્યો ન હોય તો વાંધો નહિ. એ ફળ (અને નહિ કે વિદ્યા) પ્રાપ્ત કરવામાં બધો પુરુષાર્થ છેલ્લા દિવસોમાં -બલકે રાતોમાં - એની સાધના ચાલે. - **ઉમાશંકર જોશી**

**સ્મૃતિચિત્રો**

## એક ઐતિહાસિક ઘટનાનું સ્મરણ

૧૯૪૨માં સ્વાતંત્ર્ય સંગ્રામમાં શારદામંદિરમાં કામ કરતા ગુજરાતી શિક્ષક શ્રી નંદલાલ જોશી શહીદ થયા તેની જાણ બહુ ઓછા લોકોને હશે.

શ્રી નંદલાલ જોશી ખાખરીયા ગામના વતની હતા અને આ સંસ્થામાં ગુજરાતીના શિક્ષક હતા. ૧૯૪૨ના ૮મી ઓગસ્ટની રાત્રે કોંગ્રેસ સમિતિએ 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કર્યો અને સાથે સાથે અમદાવાદમાં પણ ૧૭ જેટલા કોંગ્રેસ નેતાઓની ધરપકડ કરી પરંતુ કેટલાક કાર્યકરો ગુપ્તવાસમાં ચાલ્યા ગયા અને શ્રી જયંતિ ઠાકોરને શહેર સૂબા તરીકે નીમીને લડત ચાલુ રાખી.

લડત દરમ્યાન બોમ્બ બનાવી, પોલીસ ચોકી - સરકારી કચેરીઓ ઉપર બોમ્બ નાંખવાની પ્રવૃત્તિઓ થતી રહી.

નંદલાલ જોશી બોમ્બ બનાવતા શીખ્યા હતા અને ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા. અમદાવાદ શહેર અને એલિસબ્રીજ વિસ્તારમાં તાર-ટેલીફોનના દોરડા કાપ્યા.

માદલપુરના ગરનાળા પાસે સૌ પ્રથમ બોમ્બ શ્રી નંદલાલે ફોડયો હતો અને કારંજ પોલીસ સ્ટેશન બોમ્બથી ઉડાવી દેવાની યોજના હતી.

શારદામંદિર પાસેની એક ઝુંપડીમાં વડોદરાથી લાવેલો બોમ્બ સંતાડયો હતો. આ ઉપરાંત પોટાશ, ગંધક, ફોસ્ફરસ જેવા રસાયણો મેળવી પીપરડીની પોળે એક મેડા ઉપર તે રસાયણો સાચવી રાખ્યા હતા.૨૭ સપ્ટેમ્બર ૧૯૪૨ની સાંજે શ્રી નંદલાલ અને તેમના મિત્ર શ્રી નરહરિ રાવલ આ મેડા ઉપરના ઓરડામાં બોમ્બ બનાવતા હતા ત્યારે રસાયણો ભેગા કરવામાં ભૂલ થતા તે એકાએક ફાટયો અને તે ઓરડામાં આગ લાગી. બીજે દિવસે શ્રી નંદલાલ જોશી શહીદ થયા અને ત્રીજી ઓકટોબરના રોજ તેમના મિત્ર શ્રી નરહરિ રાવલ શહીદ થયા હતા.

( શ્રી નંદલાલ જોશી સંગીતના શોખીન હતા અને શારદામંદિરના સંગીત શિક્ષક શ્રી રમણભાઈ સાથે તેઓ ઘણીવાર બેઠક કરતા. બોમ્બ ફાટયો તેના આગળના દિવસે શ્રી રમણભાઈ તેમનું હાર્મોનિયમ લઈને તેમને ત્યાં ગયા હતા અને તે હાર્મોનિયમ ત્યાં હોઈ શ્રી રમણભાઈને પણ આ અંગે ઠીકઠીક મુશ્કેલી પડી હતી પરંતુ તેઓ નિર્દોષ છૂટયા. આ વાત તેઓએ શ્રી નંદલાલભાઈના સંદર્ભમાં મને કરી હતી.)

**દિનુભાઈ દવે**

* * *

આજે જ્યારે વિદ્યાર્થીનું ભાવિ સંપૂર્ણપણે વર્ષને અંતે લેવાતી પરીક્ષાને અંતે નક્કી થતું હોઈ વિદ્યાર્થીઓ શિક્ષકો પ્રત્યે ધ્યાન આપતા નથી. સ્વપ્રયત્ન નહિંવત્ કરે છે અને પરીક્ષા માટેની ગોખણપટ્ટી કરી જાય છે. આ બિનતંદુરસ્ત પરિસ્થિતિને કારણે પરીક્ષામાં સુધારણા અત્યંત મહત્વના બન્યા છે. - **ડૉ.કોઠારી કમિશન**

## "વિદ્યાર્થીઓના ગેરશિસ્ત માટે જવાબદાર કોણ ?"

પરીક્ષા પૂરી થવાનો બેલ વાગ્યો, માબાપ તો બહાર કાગના ડોળે જાણે રાહ જોઈ રહ્યાં હતાં કે હમણાં મારો દીકરો આવશે ને ખબર પડશે પેપર કેવુંક ગયું છે. 'અરે ! ભાઈ મહેનત પૂરતી કરાવી છે, એને આવડયું હશે એટલું તો લખ્યું જ હશે ને ! એમાં આમ અધીરાઈ રાખવાની શી જરૂર છે !' એ અધીરાઈની છોકરાંઓ પર કેવી વિપરીત અસર થાય છે એનો કયારેય આપણે વિચાર કરીએ છીએ ખરાં ! છોકરાં ત્રણ કલાક પેપર લખીને બહાર આવે જાણે 'દહીંનો ઘોડો છૂટ્ટો' પણ અરે ! છૂટ્ટો શાનો ? ત્યાં તો એને મમ્મીએ બાંધી જ લીધો હોય, ત્યાંને ત્યાં પેપર solve કરવાનું ચાલે, સ્કૂલનું ચોગાન છોડતાં પહેલાં નક્કી થઈ જ જવું જોઈએ કે આ વિષયમાં કેટલા માર્કસ્ આવશે કારણ આપણે છોકરાંને પરીક્ષાનાં માર્કસ્ માટે ભણાવીએ છીએ, કંઈ જ્ઞાન માટે ઓછા જ ભણાવીએ છીએ ! અને એટલે જ એમાંથી કેટકેટલા પ્રશ્નો ઉભા થાય છે ! છોકરાં બિચારાં કરે શું ?

કાલે જ આઠમાના છોકરાંઓ એમનાં M.C.Q.ના Question Sheetમાં જવાબોની sign કરીને આવ્યા, સુપરવાઈઝરે જોયું, આ કેવી રીતે ચાલે ? Question Paperમાં કંઈ જવાબો લખીને ઓછું જ લઈ જવાય ! એ તો ગંભીર ગેરશિસ્ત છે. ગુન્હો જ કહેવાય ને ! અને એટલે એમનાં Answer Paper પર ટોકન પૂરતાં માર્કસ્ માઈનસ મૂકયાં, ગેરશિસ્ત માટે શિક્ષા તો કરવી જ પડે ને ! પરીક્ષામાં નિયમોનું પાલન ન કરે તે કેમ ચાલે ? અને એટલે છોકરાંઓએ તો માંડયું રડવા. પોતાની ભૂલ છે, સજા ભોગવવી જ જોઈએ તો તે ભૂલ ફરી ન કરે એ પાઠ તો જીવનમાં શીખવવો જ પડે ને ! પણ આપણે માબાપ ! નાનપણથી જ બાળકને કયારેય 'ના' સાંભળવાની ય કયાં ટેવ પાડીએ છીએ ! આ ગેરશિસ્ત આપણા સંતાને કરી છે એ માટે એને ઠપકો પણ કયાં આપીએ છીએ ! પણ 'તમે માઈનસ માર્કસ્ કેમ મૂકયાં ? છોકરાં રડે છે' કહીને ફરીયાદ કરતાં મારી ઓફિસ આગળ કાગારોળ મચાવી દીધી. મારે આ માબાપને એ જ પૂછવું છે કે આ સંતાનોને શિસ્તનાં કે નિયમનાં કોઈ પાઠ જ નહીં શીખવવાનાં ? એમને માટે ફક્ત પરીક્ષાનાં માર્કસ્ સિવાય કશું જ મહત્વનું નથી ? જીવનમાં ભણતર કરતાં ય ઘડતર, સંસ્કાર એ ઘણાં વધારે મહત્વનાં છે અને એમાંય શિસ્ત તો ખાસ,એ મારે આજના આ માબાપને કેવી રીતે સમજાવવું ?

પરીક્ષાનાં ચાર દિવસ પહેલાં જ સૂચના ફેરવી હતી કે 'પરીક્ષાનાં દિવસો દરમ્યાન દરેક વિદ્યાર્થીએ વ્યવસ્થિત રીતે ગણવેશમાં પરીક્ષા આપવા આવવું, નહીં તો પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે..' વર્ષની શરૂઆતમાં પ્રગતિપત્રક આપીએ છીએ તેમાં પણ ગણવેશનાં ચૂસ્ત પાલન વિશે સૂચના આપવામાં આવે છે જેમાં વાલી વાંચ્યું ન વાંચ્યું કરીને સહી કરે છે અને વર્ષ દરમ્યાન અમારું ધ્યાન ન જાય તો ગમે તેમ ગરબડ ચલાવી લે છે.કોઈક દિવસ બૂટને બદલે સેંડલ પહેર્યા હોય, તો કયારેક ટેનીસ શુઝને બદલે સ્પોર્ટસ્ શુઝ પહેર્યા હોય, પૈસાનો દેખાવ પણ કરવો પડે ને ! તો કોઈકે વળી ગમે તે રંગનાં મોજા પહેર્યા હોય. 'બહેન ફાટી ગયાં છે' બજારમાં ન મળે તેવું હોય ! તો કોઈ વળી યુનિફોર્મનાં બ્લ્યુ પેન્ટને બદલે બ્લ્યુ જીન્સ પહેરીને આવે, 'બેન ! મમ્મીએ કહ્યું, આજે ઈસ્ત્રીમાંથી આવ્યું નથી, આ પહેરી જા ચાલશે. કંઈ કોઈ બોલવાનું નથી.' કયાંતો આખું વર્ષ પહેરવા માટે ઓછામાં ઓછાં ત્રણ યુનિફોર્મનાં સેટ તૈયાર કરવા પડે અથવા ઈસ્ત્રી જાતે કરવી પડે પણ સ્કૂલનાં નિયમનું તો પાલન કરવું જ પડે ને ! એમાં બાંધછોડ કેવી રીતે ચાલે ? આ માબાપ એમનાં સંતાનોને ગેરશિસ્તનાં પાઠ જ ભણાવી રહ્યાં છે ને ! અને એટલે જ પરીક્ષાને પહેલે જ દિવસે એવા વીસ બાવીસ વિદ્યાર્થીઓને મારે ઓફિસમાં બોલાવી ખૂબ ઠપકો આપવો પડયો. મને આશ્ચર્ય થાય છે કે માબાપ તરીકે આપણે સંતાનને શાળાની સૂચના મુજબનું પાલન કર્યા વિના કઈ રીતે મોકલી શકીએ ? કાલે એ પણ તમારી સૂચનાનું પાલન નહીં જ કરે ને ! આજે જે ગેરશિસ્તનાં પાઠ તમે શીખવી રહ્યાં છો એ ગેરશિસ્ત એ ભવિષ્યમાં તમારી સામે જ આચરશે ને ! તમે જ તમારા પગ પર કુહાડો મારી નથી રહ્યાં !

સાતમા અને છઠ્ઠા ધોરણનાં છોકરાંઓ પણ પ્રશ્નપત્ર પર પૂરેપૂરા જવાબ લખીને લઈ જવા તૈયાર થઈ જાય અને અમારે એ લઈ લેવા પડે.. કેમ ? શાને કારણે ? બાળકને આવું ગેરકાયદે કામ કરવાની વૃત્તિ જ કેમ થાય ? કારણ મા એને સતત શું લખ્યું ? કેટલા માર્કસ્ આવશે ? અરે અધીરાઈની પણ કંઈ હદ હોય ને ! બધાં કયાંથી રેન્કર થાય ! પણ આપણે માબાપને તો બહાર ચાર માણસમાં વટ મારીને કહેવું છે કે 'મારા દીકરાને નેવું ટકા માર્કસ્ આવ્યાં છે' એટલે એ પણ બિચારો કરે શું ? માબાપને મન તો એમનાં સંતાનો એ એમની પ્રતિષ્ઠાનાં પ્યાદા છે અને એટલે એમને જાણે મેરેથોન રેસમાં સીટી પર સીટી મારીને દોડાવે રાખે છે ને હંફાવી દે છે, બાળક હારે છે, થાકે છે ને પછી જાતજાતની ગેરરીતિ અને ગેરશિસ્ત આચરે છે. પેલો કુનાલ ! બે પગ પર બધું લખીને આવ્યો હતો, નીચું જોઈને લખ્યાં કરે એટલે સુપરવાઈઝરને વહેમ ગયો ને પકડાઈ ગયો. એની મમ્મીને બોલાવી, તો હજી તો મમ્મી બચાવ કરતી કહે છે, 'બેન ! એ લખેલું તો પૂછાયું નથી પછી એને શિક્ષા શું કામ કરો છો ?' આ કેવી મા ! આ માનું બાળક ફરી આવી ભૂલ નહીં કરે એવો મને ભરોસો બેસે ખરો ! સંતાનો ગેરરીતિ અને ગેરશિસ્ત આચરે છે તેમાં આપણે માબાપ જ સૌથી વધુ જવાબદાર છીએ, આપણે છોકરાંઓના માત્ર ભણતર તરફ જ ધ્યાન આપીએ છીએ, તેનાં ઘડતર તરફ તો જરાય ધ્યાન આપતાં નથી પણ સંસ્કાર પણ બહુ મહત્વનાં છે, કાલે ઉઠીને એ દુનિયાનાં કોઈ ખૂણે જઈને ઉભો રહેશે તો માત્ર ડીગ્રીથી તેને માન નહીં મળે, તેની રીતભાત, આચારવિચાર, વર્તન, બોલવું, ચાલવું, પહેરવેશ, સંસ્કારીતા આ બધાં બહુ જ મહત્વનાં પાસા છે. આપણા આજના માબાપનું આ માટે ખાસ ધ્યાન દોરું છું.

અરે ! હમણાં જ સ્કૂલમાંથી મળતાં ઈનામો માટે શાળાનું ગૌરવ કહેવાય એવી વિદ્યાર્થિનીને બોલાવી, તે ઝાંપા બહાર ઉભી રહીને સેલફોન પરથી ફોન કરતી હતી, વાળ છૂટ્ટા લઈને આવી હતી અને મારે તેને કડવું પણ સત્ય કહેવું પડયું, 'બેટા ! તને હું આજ દિન સુધી શાળાનું ગૌરવ સમજતી હતી પણ તું શાળામાં સેલફોન લઈને આવી છું ને આમ ફીલ્મની હીરોઈનની જેમ છૂટ્ટા વાળ લઈને આવી છું એનાથી મને બહુ આઘાત લાગ્યો છે.દીકરા ! સ્કૂલનાં નિયમો અને શિસ્તનું પાલન તમારા જેવા વિદ્યાર્થીઓ ન કરે એ મારાથી કેવી રીતે સહન થાય ! અને...એની પાસે એનો જવાબ તો ન જ હતો પણ એની આંખોમાં ભારોભાર પશ્ચાતાપ ડોકાતો હતો... છોકરાંઓને સેલફોન સ્કૂલમાં શાને માટે લાવવો પડે ? માબાપ શાને માટે સ્કૂલના નિયમોનું પાલન ન કરે ? વિદ્યાર્થીઓને ગેરશિસ્ત માટે વારંવાર શિક્ષા કરવી પડે છે ત્યારે માબાપની દલીલ એવી જ હોય કે 'પેલો તો આમ કરે છે તેને કહોને ! ત્યારે મારે એવા નાદાન માબાપને કહેવું પડે કે 'કોઈ કૂવામાં પડે એ જોઈ આપણે કૂવામાં ન પડાય, સારાનું અનુકરણ કરાય, ખરાબનું અનુકરણ ન કરાય...' છોકરાં એક ભૂલ કરીને સુધરતાં નથી સતત ગેરશિસ્ત આચરે જ જાય છે અને દિવસે દિવસે વાતાવરણ વધુ મુશ્કેલ થતું જાય છે એને માટે હું આજના સંતાનો કરતાં માબાપોને વધુ જવાબદાર લેખું છું, અને એટલે જ સતત કહેતી આવી છું કે 'માબાપ બનતા શીખીએ' ના વર્ગોની હવે બહુ જરૂર ઉભી થઈ છે જો આ નવી પેઢીનું ભાવી ઉજ્વળ કરવું હશે તો...

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

તા.૧૪-૬-૧૨ને ગુરુવારથી બાલવાડીનું નવું સત્ર શરૂ થયું. નવા પ્રવેશ પામેલા બાળકો બાલમંદિરના વાતાવરણમાં સુંદર રીતે ગોઠવાઈ ગયા છે. બાલમંદિરનું આખુંય વાતાવરણ બાળકોના ખિલખિલાટ હાસ્ય અને સંગીતથી ગુંજવા લાગ્યું છે.

બાળકોને વાર્તા સાંભળવી પણ ખૂબ જ ગમે છે. રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથ,કૃષ્ણ,બલરામ,સુભદ્રાની વાર્તા કહી 'જય રણછોડ માખણચોર'ની ધૂન બોલાવી.

ગૌરીવ્રત નિમિત્તે નાનકડી બેનોએ રંગબેરંગી ચણિયાચોળી પહેરી 'ગોરમાનો વર કેસરિયો' ગરબો ગાઈ ગોરોનો ઉત્સવ ઉજવ્યો.

## બાલમંદિર

તા.૧૧-૬-૧૨ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. બાળકો લાંબી રજાઓની મજા માણી હર્ષભેર શાળામાં આવ્યા. બાલમંદિરના વિશાળ પ્રાંગણમાં અને ક્રિડાંગણમાં બાળકો કિલ્લોલ કરવા લાગ્યા.

વાંદરો ને મગર, બે બિલાડી અને વાંદરો જેવી વાર્તાઓ દ્વારા બાળકની એકાગ્રતા કેળવી નવા વાતાવરણમાં શાંતિથી બેસતા કર્યા.

રથયાત્રાના ધાર્મિક તહેવારની સમજ સમૂહવાર્તા દ્વારા આપી.

ગુરૂપૂર્ણિમા નિમિત્તે એકલવ્યએ ગુરૂદક્ષિણામાં આપેલ અંગૂઠાની વાત સમજાવી ગુરુનું મહત્વ સમજાવી ગુરુવંદના કરાવી અને એ જ દિવસે સ્વામિનારાયણ સંપ્રદાયે શિક્ષાપત્રી બહાર પાડી એ અંગે માહિતી આપી.

ગૌરીવ્રત નિમિત્તે જવારાની વાવણી કરાવી સૂકામેવાની ઓળખ આપી.'ગોરમાનો વર કેસરિયો' માથે જવારા લઈ ગરબે ઘૂમવાની બેનોએ મજા માણી. પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની પૂજાનું મહત્ત્વ સમજાવ્યું.

### સ્થાપનાદિન

શાળાનો ૮૯મો સ્થાપનાદિન તા.૨-૮-૨૦૧૨ના રોજ સવારે ૯-૦૦ વાગે ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. મુખ્ય મહેમાન તરીકે શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની ડૉ.પૂર્વીબેન શાહ પધાર્યા. કાર્યક્રમનો પ્રારંભ મા સરસ્વતીની સ્તુતિથી 'શારદા વિદ્યાદાયિની'ના ભાવવાહી સ્વરોથી થયો. સંસ્થાના નિયામક પૂ.શ્રી દિનુભાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું અને બહેન પૂર્વીનો પરિચય આપ્યો. ત્યારબાદ ડૉ.પૂર્વીબેને મંગલદીપ પ્રગટાવી ઉદ્‌બોધન કર્યું. લગભગ ત્રેવીસ વર્ષ પહેલા આ શાળામાં વિદ્યાર્થી જીવનનાં ગાળેલા દિવસોની મીઠી સ્મૃતિઓને વાગોળતાં તેમણે કહ્યું કે 'આપ સૌ નસીબદાર વાલી છો કે તમે તમારા બાળકો માટે શારદામંદિર જેવી સ્કૂલને પસંદ કરી છે, કારણકે શારદામંદિરમાં માત્ર ભણતર જ નહી પણ સાચું ઘડતર પણ થાય છે અને બાળકમાં અહીં કેટલો ઝીણવટપૂર્વક રસ લેવાય છે એનો ખ્યાલ તો બાલમંદિરની નોંધો જોઈએ ત્યારે જ આવે છે. કદાચ માબાપ કરતાંય ક્યારેક શિક્ષક તરફની માવજત વધુ મળતી હોય એવું લાગે છે.' ત્યાર પછી બાલરથીને લઈને બાળકોનાં રથ આવી ગયા, જેનું કુંકુમ તીલક કરી અક્ષત ચોડી મોં મીઠું કરાવી ડૉ.પૂર્વીબેને અભિવાદન કર્યું. સંસ્થામાં બાળક કેન્દ્રસ્થાને છે તેના પ્રતિકરૂપે આ બાલપૂજનનો શિરસ્તો શારદામંદિરે વર્ષોથી જાળવી રાખ્યો છે. ત્યારપછી નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણીયાચોળી, હાથમાં ને માથામાં ફૂલનાં ગજરા સાથે પ્રસન્નતાથી 'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી' સમૂહનૃત્ય કેટલી તન્મયતાથી રજૂ કર્યું ! ત્યારપછી રજૂ થયો ગરબો, 'એવા આવે છે શારદાનાં સાદ રે'. ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી જ મળે છે એની પ્રતીતી અહીં થઈ અને છેલ્લે આવી બાલકૂચ 'ચલો ચલો ચલો શારદમાના બાળ' બાળકોનો ઉત્સાહ અદ્‌ભૂત હતો.

### કૃષ્ણ જન્મ મહોત્સવ

તા.૯-૮-૧૨ના રોજ બાલમંદિરના નાનકડાં બાળકોએ કૃષ્ણ જન્મ મહોત્સવ અદ્‌ભૂત ઉત્સાહપૂર્વક ઉજવ્યો. કૃષ્ણનાં જીવનનાં વિવિધ પ્રસંગોને એમાં ખૂબ સરસ રીતે વણી લેવામાં આવ્યાં હતા. આપણી સંસ્કૃતિનો ભવ્ય વારસો નવી પેઢીનાં હૃદયમાં સ્થાપિત કરવા માટેનું આ એક અસરકારક માધ્યમ છે.

'મેં નહીં માખન ખાયો'માં બેન કાવ્યાએ ખૂબ ભાવવાહી નૃત્ય કર્યું. આકાશવાણીમાં બેન સાચી શાહની અભિવ્યક્તિ, મહાદેવજીનાં પાત્રમાં બેન ઈશા નાગર અને નારદજીનાં પાત્રમાં કૃષ્ણ વ્યાસે તો અભિનંદનીય અભિનય કર્યા. આ બાલ કલાકારો જરૂર ભવિષ્યમાં મોટા કલાકારો બની શકશે તેવી શ્રધ્ધા પ્રગટે છે. એ બાળકોને ધન્યવાદ આપું એટલા ઓછાં છે. પણ સાથે સાથે એમની સાથે મહેનત કરનાર તેમના શિક્ષિકા બહેનો અને વાલીઓનો સાથ અને સહકાર એ બધાંજ એટલા ધન્યવાદને પાત્ર છે. આ બધાં સાથે સંગીતનાં સારથી બેન આનલ અને તેમના સાથીદારો તો આખાય કાર્યક્રમની સફળતાના મુખ્ય સૂત્રધારો, એ પણ યશના અધિકારી તો ખરાં જ ને ! આખોય કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો.

## શિશુમંદિર

ધો.૫-૬-૭-૮ના મહામંત્રી અને ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયાં છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | યશ શાહ |
| | (બહેનો) | કરીના શાહ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | પરિતોષ યાજ્ઞિક |
| | (બહેનો) | નૂપુર મહેતા |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | અમન શાહ |
| | | ઉપનેતા | અક્ષત શાહ |
| | (બહેનો) | નેતા | ધ્વનિ શાહ |
| | | ઉપનેતા | રોમા શાહ |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | ધ્રુવીલ સોઢા |
| | | ઉપનેતા | માનવ ભટ્ટ |
| | (બહેનો) | નેતા | ધૈર્યા ઠક્કર |
| | | ઉપનેતા | નિરાલી કાયસ્થ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | જૈનમ શાહ |
| | | ઉપનેતા | હર્ષ શાહ |
| | (બહેનો) | નેતા | ગ્રેસી પટેલ |
| | | ઉપનેતા | ધ્રુવી અધ્વર્યુ |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | ભવ્ય પટેલ |
| | | ઉપનેતા | ત્વરિત પંચોલી |
| | (બહેનો) | નેતા | પ્રિયંકા દેસાઈ |
| | | ઉપનેતા | શૈલી શાહ |

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૨૮-૬-૧૨ના રોજ મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | ધ્રુવ નવલખા |
| | (બહેનો) | આશી શાહ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | શૈલ રાવલ |
| | (બહેનો) | પ્રાચી સોની |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| કદંબ | (ભાઈઓ) | નેતા | રોહન શાહ |
| | | ઉપનેતા | પૂર્વીન પંડયા |
| | (બહેનો) | નેતા | શ્રુતિ શાહ |
| | | ઉપનેતા | પ્રિયાંશી મહેતા |
| અમલતાસ | (ભાઈઓ) | નેતા | રાજવીર હેરમા |
| | | ઉપનેતા | વિરાજ પટેલ |
| | (બહેનો) | નેતા | કૈરવી પટેલ |
| | | ઉપનેતા | નીશ્રા શાહ |
| પલાશ | (ભાઈઓ) | નેતા | શિવેન પંડયા |
| | | ઉપનેતા | નંદિશ ભગત |
| | (બહેનો) | નેતા | કુંજલ બ્રહ્મભટ્ટ |
| | | ઉપનેતા | હીર બક્ષી |
| પારિજાત | (ભાઈઓ) | નેતા | નીકેશ કોઠારી |
| | | ઉપનેતા | રેનીલ પટેલ |
| | (બહેનો) | નેતા | કનીષી શાહ |
| | | ઉપનેતા | ભાવીશા જોશી |

**અંગ્રેજી માધ્યમમાં માર્ચ-૨૦૧૨માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી. તથા એચ.એસ.સી.સામાન્ય પ્રવાહનું પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે.**

## વિનયમંદિર

તા.૨૮-૬-૧૨ના રોજ ધો.૯-૧૦-૧૧-૧૨ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | હર્ષ ગોર |
| | (બહેનો) | શ્રીજા શાહ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | હર્ષ પરીખ |
| | (બહેનો) | નિશિ શાહ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | હેત શાહ |
| | | ઉપનેતા | રાજ શાહ |
| | (બહેનો) | નેતા | વિદિશા શાહ |
| | | ઉપનેતા | ધનશ્રી શાહ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | હર્ષ પરીખ |
| | | ઉપનેતા | નિકેત રસાણિયા |
| | (બહેનો) | નેતા | શ્રેયા આદેશરા |
| | | ઉપનેતા | વિશ્વા કકૈયા |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | નીલ પટેલ |
| | | ઉપનેતા | જોય પટેલ |
| | (બહેનો) | નેતા | નેન પટેલ |
| | | ઉપનેતા | કવિશા શુક્લ |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | શૈવલ દવે |
| | | ઉપનેતા | દર્શન કાટવા |
| | (બહેનો) | નેતા | ઝીલ શાહ |
| | | ઉપનેતા | ધ્રુતિ શાહ |

## બોર્ડના પરિણામ :

માર્ચ-૨૦૧૨માં લેવાયેલ એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૯૪.૦૨%આવ્યું છે. એચ.એસ.સી.સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૮.૮૮%આવ્યું છે અને ન્યુ એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૯૭.૦૮%આવ્યું છે.

**ઈનામો :** શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **વ્યોમા પાર્ષદભાઈ મહેતાને** સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૨) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **કરન વિજયભાઈ ટંકશાળીને** સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે રૂ.૧૨૫/-નું ઈનામ મળે છે.

(૩) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **મોહિની રામકૃષ્ણ કુકાવાલાને** સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે રૂ.૧૨૫/- નું ઈનામ મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી.,એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતીબેન પટેલના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | વ્યોમા પાર્ષદભાઈ મહેતા |
| (૨) | એચ.એસ.સી.વિ.પ્ર. | નિધિ દેવેનભાઈ કાપડિયા |
| (૩) | એચ.એસ.સી.સા.પ્ર. | મોહિની રામકૃષ્ણ કુકાવાલા |

(૫) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **વ્યોમા પાર્ષદભાઈ મહેતાને** સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **ઉત્સવ સંદિપભાઈ વોરાને** સ્વ.પ્રમોદાબેન હિરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૭) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમીનીસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **મોહિની રામકૃષ્ણ કુકાવાલાને** રૂ.૧૨૫/- તથા કુંજન નિકુંજભાઈ ગોહેલને રૂ.૧૦૧/- નું દ્વિતીય ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૮) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરીના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **કરણ વિજયભાઈ ટંકશાળીને** રૂ.૧૦૧/- તથા મેડીકલના મેરીટ લીસ્ટમા પ્રથમ આવનાર **નિધિ દેવેનભાઈ કાપડિયાને** રૂ.૧૦૧/-નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મારણાર્થે મળે છે.

(૯) એચ.એસ.સી.કમ્પ્યૂટર વિષયમાં બહેનોમાં પ્રથમ આવનાર **મોહિની રામકૃષ્ણ કુકાવાલાને** સ્વ.પ્રિયલ ઉપાધ્યાયના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ ઈનામ **જયતિ ત્રિવેદીને** રૂ.૧૨૫/-અને દ્વિતીય ઈનામ **ધ્રુવ નવલખાને** રૂ.૧૦૧- મળે છે.

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

**એકલવ્ય સ્કોલરશીપ :** એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦,૧૧ના બંને પ્રવાહમાં પ્રથમ આવનાર બહેનોને એકલવ્ય તરફથી સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| (૧) | બ્રિન્દા પટેલ | ધો.૮ |
| (૨) | રીચા ભટ્ટ | ધો.૯ |
| (૩) | વ્યોમા મહેતા | ધો.૧૦ |
| (૪) | રિધ્ધિ ગાંધી | ધો.૧૧ સા.પ્ર. |
| (૫) | ક્રિષ્ના શાહ | ધો.૧૧ વિ.પ્ર. |

## "નાદબ્રહ્મ તબલા એકેડમી"

શાળામાં 'નાદબ્રહ્મ તબલા એકેડમી' દ્વારા ચાલતા વર્ગોમાં ગત વર્ષે ૧૬ બાળકોએ તબલાની વિવિધ પરીક્ષાઓ આપી જેમાંથી ૨ બાળકો વિશેષ યોગ્યતા તેમજ બાકીના બધાં બાળકો પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. તેમજ મે ૨૦૧૨માં લેવાયેલ પરીક્ષામાં ૨૧ બાળકો બેઠા હતાં જેમાં ૩ બાળકો વિશેષ યોગ્યતા, ૮ બાળકો પ્રથમ વર્ગ તથા ૧૦ બાળકો દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. ઓગસ્ટ ૨૦૧૨થી તબલાની નવી બેચ શરૂ થશે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : shardamandir1924@gmail.com